RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યૂઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 177 Date: 18.04.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## પ્રથમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો, ૧૯ એપ્રિલે મતદાન યોજાશે



નવીદિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર આજે સમાપ્ત થયો છે પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર, જે બેઠકો પર પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે, ત્યાં હવે જાહેર સભા કે સરઘસ રોડ શો કરી શકાશે નહીં જોકે ઉમેદવારો ઘેર ઘેર જઇ ચુંટણી પ્રચાર કરી શકશે.પ્રથમ તબક્કાની ચુંટણીના પ્રચારના અંતે વિવિધ રાજકીય પક્ષોના આગેવાનોએ પોત પોતાના પક્ષના પ્રચાર માટે રોડ શો,રેલીઓ અને જાહેરસભાનું આયોજન કર્યું હતું

પ્રથમ તબક્કામાં જે ૨૧ રાજ્યોમાં મતદાન થશે તેમાં બિહાર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ રાજ્યોની બેઠકોનો પણ સમાવેશ થાય છે. આ તબક્કામાં ઉત્તર પ્રદેશમાંથી ૮, બિહારમાંથી ૪, પશ્ચિમ બંગાળમાંથી ૩, રાજસ્થાનમાંથી ૧૨, મધ્યપ્રદેશમાંથી ૬, ઉત્તરાખંડમાંથી ૫, આસામમાંથી ૪, મેઘાલયમાંથી ૨, મણિપુરમાંથી ૨, છત્તીસગઢમાંથી ૧, અરુણાચલમાંથી ૨ , મહારાષ્ટ્રમાં ૫, તામિલનાડુમાં ૩૯, મિઝોરમમાં ૧, નાગાલેન્ડમાં ૧, સિક્કિમમાં ૧, ત્રિપુરામાં ૧, આંદામાન અને નિકોબારમાં ૧, જમ્મુ અને કાશ્મીરમાં ૧, લક્ષદ્વીપમાં ૧ સીટો પર મતદાન થશે. પુડુચેરી. આ તમામ બેઠકો પરનો ચૂંટણી પ્રચાર આજે બંધ થઈ ગયો છે

ઉત્તર પ્રદેશની જે નવ બેઠકો પર મતદાન થવાનું છે તેમાં સહારનપુર, કૈરાના, મુઝફ્ફરનગર, બિજનૌર, નગીના, મુરાદાબાદ, રામપુર અને પીલીભીતનો સમાવેશ થાય છે. રાઘવ લખનપાલ ફરી એકવાર સહારનપુરથી ચૂંટણી લડી રહ્યા છે. તે જ સમયે, આ વખતે યોગી સરકારમાં મંત્રી રહેલા જિતિન પ્રસાદને પીલીભીત બેઠક પરથી ટિકિટ મળી છે. જ્યારે ભાજપે કૈરાનાથી પ્રદીપ ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે.

પ્રથમ તબક્કામાં બિહારની ચાર બેઠકો પર મતદાન થશે. આ ચાર બેઠકોમાં ઔરંગાબાદ, ગયા, જમુઈ અને નવાદાનો સમાવેશ થાય છે.એલજેપી (રામ વિલાસ) ના અરુણ ભારતી જમુઈથી મેદાનમાં છે. અરુણ ભારતી પાર્ટી સુપ્રીમો ચિરાગ પાસવાનના સાળા છે. જ્યારે બીજેપીએ ઔરંગાબાદ સીટ પર સુશીલ કુમાર સિંહને ટિકિટ આપી છે. તેમની સ્પર્ધા આરજેડીના અભય કુમાર સિંહા સામે છે.પ્રથમ તબક્કામાં મધ્યપ્રદેશની છ લોકસભા બેઠકો પર મતદાન થશે. આ છ બેઠકોમાં છિંદવાડા, બાલાઘાટ, જબલપુર, મંડલા, સિધી અને શહડોલ બેઠકોનો સમાવેશ થાય છે. છિંદવાડાને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા કમલનાથના ગઢ તરીકે પણ ઓળખવામાં આવે છે. છિંદવાડામાં કોંગ્રેસે કમલનાથના પુત્ર નકુલ નાથને મેદાનમાં ઉતાર્યા છે. અહીંથી ભાજપે વિવેક બંટી સાહુને ટિકિટ આપી છે. તે જ સમયે, મહારાષ્ટ્રની જે છ બેઠકો પર મતદાન થશે

## લોકસભા ચૂંટણી પ્રચાર માટે આમ આદમી પાર્ટીની 'આપ કા રામરાજ્ય' વેબસાઈટ લોન્ચ

નવીદિલ્હી,તા.૧૭

આમ આદમી પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી માટે 'આપકા રામરાજ્ય' વેબસાઈટ લોન્ચ કરી છે. આપ સાંસદો સંજય સિંહ આતિશી, સૌરભ ભારદ્વાજ અને જસ્મીન શાહે પ્રેસ કોન્ફરન્સમાં વેબસાઈટ લોન્ચ કરી હતી.

દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે 'આપકા રામરાજ્ય' વેબસાઈટ કેજરીવાલ સરકારના કામકાજની માહિતી આપવા માટે લોન્ચ કરવામાં આવી હતી. અમે દિલ્હી અને પંજાબમાં રામરાજ્યની કલ્પનાને અમલમાં મૂકી રહ્યા છીએ. આ વેબસાઈટ દ્વારા અમે આમ આદમી પાર્ટીના જનહિતના કાર્યોને દેશ અને દુનિયા સુધી લઈ જવા માંગીએ છીએ.તે જ સમયે, આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે સીએમ અરવિંદ કેજરીવાલના રામરાજ્યના ખ્યાલમાં કોઈ ભેદભાવ નથી, કોઈ મોટું કે નાનું નથી અને વિચાર બધાના હિતમાં કામ કરવાનો છે.

## પોલીસમાં અરજી કર્યાનું મનદુઃખ રાખી મહિલાને મારી નાખવાની ધમકી આપી

નડિયાદઃ મહેમદાવાદ તાલુકાના નારણપુરા તાબે મોદજ રહેતા ઈસમે જમીન બાબતે ઝઘડો થતાં પોલીસમાં અરજી આપી હતી. જેની અદાવત રાખી બે મહિલાઓ સહિત ચાર ઈસમોએ મહિલાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ તાલુકાના નારણપુરા તાબે મોદજમાં રહેતા ભાવનાબેન છત્રસિંહ ચૌહાણના પતિ છત્રસિંહ ચૌહાણે જમીનની બાબતમાં કનુભાઈ મંગાભાઈ ચૌહાણ સાથે ઝઘડો થતા મહેમદાવાદ પોલીસમાં અરજી આપી હતી. જેની તપાસમાં પોલીસ સામેવાળાના ઘરે આવી હતી. જેની અદાવત રાખી ગઈકાલે સાંજે ભાવનાબેન ઘરે એકલા હતા ત્યારે પડોશમાં રહેતા આનંદીબેન કનુભાઈ ચૌહાણ તથા સુમીબેન રણજીતભાઈ ડાભીએ ભાવનાબેનને ગમે તેમ અપશબ્દો બોલતા હતા. જેથી ભાવનાબેને બંને મહિલાઓને રોકતા આનંદીબેન કનુભાઈ ચૌહાણે કહેલું કે, તમોએ મંગાભાઈ પુંજાભાઈ તેમજ કનુભાઈ મંગાભાઈ ચૌહાણ સામે કેમ પોલીસમાં અરજી આપી હતી તેમ કહી ગમે તેમ બોલવા લાગ્યા હતા. જેથી ભાવનાબેને ગાળો બોલવાની ના પાડતાં આનંદીબેન તેમજ સુમીબેને ઝઘડો કરી ભાવનાબેનને ગડદાપાટુનો માર માર્યો હતો.ભાવનાબેન છત્રસિંહ ચૌહાણે મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આનંદીબેન કનુભાઈ ચૌહાણ, સુમીબેન રણજીતસિંહ ડાભી, મંગાભાઈ પુંજાભાઈ ચૌહાણ તેમજ કનુભાઈ મંગાભાઈ ચૌહાણ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## સાતસો મીટરથી વધુ લંબાઈ ,૬૦ કરોડનો ખર્ચ, ઘોડાસર સ્પલીટ ફલાય ઓવરબ્રિજ સપ્તાહ અંત સુધીમાં ખુલ્લો મુકાશે

અમદાવાદ,

ઈસનપુરથી કેડીલાને જોડતા બી.આર.ટી.એસ.રોડ ઉપર રુપિયા ૬૦ કરોડના ખર્ચે ૭૦૭ મીટર લંબાઈનો ઘોડાસર સ્પલીટ ફલાય ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે.હાલ બ્રિજના સ્પાનના લોડ ટેસ્ટની કાર્યવાહી ચાલી રહી છે.લોડ ટેસ્ટની કામગીરી પુરી થયા બાદ શુક્ર કે શનિવાર સુધીમાં બ્રિજ ખુલ્લો મુકાશે.બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યા બાદ અઢી લાખ વાહન સરળતાથી બ્રિજ ઉપરથી અવરજવર કરી શકશે.ઘોડાસર જંકશન ઉપર થતી ટ્રાફીકની સમસ્યા હળવી થશે.

ઘોડાસર જંકશન ઉપર ઈસનપુરથી જશોદાનગર તરફ જતા બી.આર.ટી.એસ.લેનને સમાંતર બંને સાઈડ ટુ લેન ટુ પ્લસ



ટુ લેન સ્પલીટ ફલાય ઓવરબ્રિજ રુપિયા ૫૯.૬૯ કરોડના ખર્ચથી બનાવવા કોન્ટ્રાકટર અવધુત પ્રોજેકટ પ્રા.લી.ને કામગીરી આપવામાં આવી હતી.૭.૫ મીટર કલીયર કેરેજ વીડથ સ્પલીટ ફલાય ઓવર બ્રિજ બનાવવામાં આવ્યો છે.ફલાય ઓવરબ્રિજમાં ઘોડાસર જંકશન ઉપર ૩૮ મીટર લંબાઈના પીએસસી પોસ્ટ ટેન્શન ગર્ડર મુકવામાં આવ્યા છે.બ્રિજમાં કેડીલા બાજુ તથા રાધિકા બંગલોઝ બાજુ ચઢતી તેમજ ઉતરતી લેન સાથેનો રેમ્પ બનાવવામાં આવ્યો છે.હાલમાં મુખ્ય ઓબલીગેટરી સ્પાન (૩૮ મીટર)માં આઈઆરસી કોડલ પ્રોવિઝનલ મુજબ લોડ ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે.સો ટકા જેટલો લોડ સ્પાન ઉપર મુકવામાં આવ્યો છે.આ સ્પાનનુ સતત ચોવીસ કલાક સુધી સો ટકા લોડ સાથે પરીક્ષણ કરવામાં આવશે.બાદમાં ફરી ૨૪ કલાક આ સ્પાનના ટેસ્ટ ફરી કરવામાં આવશે.૨૭ ઓગસ્ટ-૨૦૨૧થી આ બ્રિજની કામગીરી શરુ કરવામાં આવી હતી.જશોદા નગર તરફ ૧૭૦.૩૮ મીટર લંબાઈની મર્જિંગ લેન સાથેની રીટેનીંગ વોલ તથા નારોલ તરફ ૮૩ મીટરની મર્જિંગ લેન સાથે બ્રિજની પહોળાઈ ૮.૫૦ મીટર પ્લસ ૮.૫૦ મીટર રાખવામાં આવી છે.અંડર સ્પેસ ડેવલપમેન્ટમાં પાર્કિંગ એરીયા આપવામાં આવ્યો છે.

## પેટલાદની નૂરી મસ્જિદ પાસે બે જૂથ વચ્ચે મારામારીમાં પાંચને ઈજા

આણંદઃ આણંદ જિલ્લાના પેટલાદ શહેરની નૂરી મસ્જિદ નજીક ગત રોજ રાત્રીના સુમારે એક જ કોમના બે જૂથ વચ્ચે થયેલી મારામારીમાં પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પેટલાદના રીફાકતઅલી રીયાસતઅલી સૈયદ ગઈકાલ રાત્રીના સુમારે નૂરી મસ્જિદ નજીક મોટરસાયકલ ઉભું રાખીને મોબાઈલ પર વાત કરતા હતા. ત્યારે સાહીદઅલી ઉર્ફે સયા ઝાકીરઅલી સૈયદ અને તેનો ભાઈ જાઈદઅલી ઉર્ફે જાવા રીક્ષા લઈને આવી પહોંચ્યા હતા. અને બાઈક આગળ ઉભી રાખતા રીફાકતઅલી નીચે પડી ગયા હતા અને ઈજાઓ થઈ હતી. જેથી રીફાકતઅલીએ રીક્ષા જોઈને ચલાવવાનું કહેતા સાહીદઅલીએ તું મહિલા સાથે ફોન પર કેમ વાતો કરે છે તેમ કહી બોલાચાલી કરી હતી. બાદમાં તે પોલીસ મથકે ફરીયાદ કરવા નીકળી ગયો હતો. દરમ્યાન બંને ભાઈઓએનું ઉપરાણું લઈ નગીન રહીમખાન પઠાણ, આસીમખાન ઉર્ફે ચકો સગીરખાન પઠાણ અને મોઈન પઠાણ લાકડીઓ લઈને રીફાકતઅલીના ઘરે પહોંચ્યા હતા અને તેની બહેનોને ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઝઘડામાં ઈઝહાર વચ્ચે પડતા તેને લાકડીથી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.સામા પક્ષે જાઈદઅલીએ નોંધાવેલ ફરિયાદ મુજબ રીફાકતઅલી સૈયદ, રીયાસતઅલી સૈયદ અને ઈરફાન સૈયદે જૂના ઝઘડાની રીસ રાખી ગમે તેમ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. રીયાસત અલી અને ઈરફાને લાકડીથી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## ગાંધીનગરના કર્મયોગી ભવનનાં પૂર્વ ડેપ્યુટી જનરલ મેનેજરને શેર બજારમાં ટ્રેડિંગ કરવાનાં ચક્કરમાં રૂ. ૨૧.૨૫ લાખનો ચૂનો લાગ્યો



ગાંધીનગરનાં સેકટર - ૧૦ સ્થિત કર્મયોગી ભવન ખાતે એચચાર ડિપાર્ટમેંટનાં પૂર્વ ડેપ્યુટી જનરલ મૅનેજરને શેર બજારમાં ટ્રેડિંગ કરવાનાં બહાને ગઠિયાઓએ ૨૧ લાખ ૨૫ હજારનો ચૂનો લગાવવા આવતાં ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ગાંધીનગરના કુડાસણ સહજાનંદ સીટી બંગલોમાં રહેતા ૫૧ વર્ષીય સુરેશ રામારાવ મુચીપલ્લી અગાઉ સેકટર - ૧૦,કર્મયોગી ભવન ખાતે સિનિયર ડીજીએમ એચ.આર તરીકે સરકારી નોકરી કરતાં હતાં. જેઓએ વિદેશ જવાનું હોવાથી

વિદેશ જવાનું હોવાથી માર્ચ - ૨૦૨૩ માં સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. જો કે વિદેશ જવાનું કેન્સલ થતા હાલમાં તેઓ બીજી નોકરીની શોધમાં છે. ત્યારે ૧૯મી ડિસેમ્બર - ૨૦૨૩ નાં રોજ સુરેશ રામારાવનાં મોબાઇલમાં મારલીના નામથી વોટસએપમાં જોનતાન સીઈમોન એલાઈટ પ્રોફિટ એક્સચેજ ગ્રુપમાં એડ થવા મેસેજ આવ્યો હતો.

આ ગ્રુપમાં એલિસ, ફિયોના અને જોનાતન સાઈમન નામના ત્રણ લોકોના નંબર પણ એડ હતા. બાદમાં ૨૦મી ડિસેમ્બરે સુરેશ રામારાવ વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ ગયા હતા. અને શેર બજારમાં ટ્રેડિંગ રીલેટેડ ઓનલાઈન કલાસ શરૂ કર્યા હતા. આ દરમ્યાન જાન્યુઆરી - ૨૦૨૪ માં ગઠિયાએ આલ્ફએક્સિસ કરાવડાવી હતી. જેમાં અલગ અલગ બેંકના એકાઉન્ટ નંબર પણ હતા.

બાદમાં શેર બજારમાં ટ્રેડિંગ અર્થે સુરેશ રામારાવ પાસે તા. ૯ થી ૨૮ જાન્યુઆરી દરમ્યાન જુદા જુદા બેંક ખાતાઓમાં પૈસાનું રોકાણ કરાવ્યું હતું. અને આલ્ફએક્સિસ પ્રો એપ્લીકેશનમાં તેમના નામે ૪૦ લાખનું બેલેન્સ પણ ડિસ્પ્લે થવા લાગ્યું હતું. જેથી સુરેશ રામારાવે એપ્લીકેશનમાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પૈસા વિડ્રો નહી થતાં તેમણે ઉક્ત વોટસઅપ ગ્રુપના મેનેજરને મેસેજ કરતા જણાવાયું હતું કે, તમેૈ માટે અરજી કરવા ગયેલ તે ૈ ૭૫ લાખનો હતો. તમારા દ્વારા ૈ ઉપર ક્લીક થઈ જતાં તમારી ૪૦ લાખ રૂપિયાની મૂડીૈ માટે ટ્રાન્સફર થઈ ગઈ છે.

## રાજ્યમાં દિવ્યાંગોને સહાય આપવાનાં ધોરણોમાં ફેરફારઃદિવ્યાંગ ગરીબી રેખા હેઠળ ન હોય તો પણ માસિક એક હજાર રૂપિયા મળશે

### અગાઉ ૧૭ વર્ષ સુધીના અને ગરીબી રેખા હેઠળ હોય તો જ લાભ મળતો

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે 'સંત સુરદાસ યોજના' જે તા.૨૨ સપ્ટેમ્બર,૨૦૦૯થી અમલમાં મૂકવામાં આવી છે,પણ આ યોજનાનો તમામ દિવ્યાંગ લોકો સુધી લાભ પહોંચાડવા માટે ગરીબી રેખા અને ૦થી૧૭ વર્ષ સુધીની વયમર્યાદાની બે શરતો નડતી હતી.આથી રાજ્ય સરકારે આ યોજનામાં સુધારો કરવા અને રાજ્યના તમામ દિવ્યાંગોને લાભ આપવા માટે ૦થી ૧૭ વર્ષ હોય અને બીપીએલ કાર્ડ ધરાવતા હોય તેમને જ યોજનાનો લાભ આપવાની શરત હટાવી દીધી છે. જેના પરિણામે હવે રાજ્યના તમામ દિવ્યાંગ લોકોને આ યોજનામાં દર મહિને રૂ. ૧ હજાર સીધા તેમના બેન્ક ખાતાંમાં જમા થશે. રાજ્ય સરકાર દ્વારા બજેટમાં સમાજ કલ્યાણનાં કામો કરવા પર વજન મૂકીને સમાજના શારીરિક વિકલાંગ લોકોને મદદરૂપ થવા માટે ચાલતી સહાય યોજનાઓ વધુ લોકો સુધી પહોંચે તે માટે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે સંત સુરદાસ યોજનામાં રાજ્યમાં તમામ દિવ્યાંગ નાગરિકો સુધી પહોંચવા માટે તેમાં બે શરતોરૂપી અડચણ હતી તે દૂર કરી છે. એક શરત એવી હતી કે કોઇ પણ દિવ્યાંગ હોય પણ તેમની ઉંમર ૦થી૧૭ વર્ષ સુધીની



હોય તેમને જ આ યોજનાનો લાભ મળે. ઉપરાંત કોઇ પણ દિવ્યાંગ ગરીબી રેખા હેઠળ જીવતો હોય તેમને જ આ યોજનાનો લાભ મળે.આ બન્ને યોજનાની શરતો સરકારને વિચિત્ર લાગી હતી.

આ નિર્ણયથી રાજ્યના ૨૫ હજાર દિવ્યાંગ લોકોને લાભ મળશે. આ સુધારેલી યોજનાનો અમલ તા. ૧ એપ્રિલ,૨૦૨૪થી થઇ ગયો છે. આ યોજના અમલમાં આવતા જ હવે દિવ્યાંગ લોકોના ખાતામાં રૂ. ૧ હજાર સીધી જમા થશે. આ માટે તેમણે જિલ્લા સમાજ કલ્યાણ વિભાગના કાર્યાલયે જઇને ફોર્મ ભરવાનું રહેશે.

## તંત્રી લેખ......

# ઈરાન - ઈઝરાયેલ તણાવથી ટોચના દસ અબજપતિઓની સંપત્તિમાં ૨૮ અબજ ડોલરનું ધોવાણ

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તેના કારણે વિશ્વના ટોચના ૧૦ અમીરોની નેટવર્થમાં લગભગ ૨૮ અબજ ડોલર એટલે કે રૂ. ૨૩,૩૯,૯૭,૮૨,૦૦,૦૦૦નો ઘટાડો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે વિશ્વના ટોચના ૧૫ સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો થયો છે. આ યાદીમાં પ્રથમ નંબરે રહેલા ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ૨.૯૧ બિલિયન વધીને ૧૮ બિલિયન પર પહોંચી ગઈ છે. વિશ્વના ૧૫મા સૌથી ધનિક વ્યક્તિ સ્પેનના અમાનસિઓ ઓર્ટેગાની કુલ સંપત્તિમાં ૧.૦૮ બિલિયનનો ઉછાળો આવ્યો છે. સૌથી વધુ નુકસાન એલોન મસ્કને થયું હતું. સોમવારે તેમની કુલ સંપત્તિમાં ઈ૬.૮૪ બિલિયનનો ઘટાડો થયો હતો.

અમીરોની યાદીમાં બીજા સ્થાને રહેલા એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની નેટવર્થમાં ૩.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે અને હવે તે ૨૦૫ બિલિયન છે. મસ્ક ૧૭૮ બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં ત્રીજા સ્થાને છે. ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝકરબર્ગની નેટવર્થ ૪.૦૮ બિલિયન ઘટીને ૧૭૮ બિલિયન થઈ ગઈ છે. બિલ ગેટ્સની નેટવર્થમાં ૧.૬૫ બિલિયનનો ઘટાડો થયો હતો. તે ૧૫૦ અબજ ડોલરની સંપત્તિ સાથે અમીરોની યાદીમાં પાંચમા સ્થાને છે. સ્ટીવ બાલ્મરની નેટવર્થમાં ૨.૬૯ બિલિયન, લેરી પેજની ૨.૪૩ બિલિયન, વોરેન બફેની ૧૩૨ બિલિયન અને સેર્ગેઈ બ્રિનની નેટવર્થમાં ૨.૩૦ બિલિયનનો ઘટાડો થયો છે.

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની નેટવર્થમાં સોમવારે ૮૦૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. તે ૧૧૨ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૧મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ૧૫.૬ બિલિયન વધી છે.અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં ૨.૩૬ બિલિયનનો ઘટાડો થયો હતો. તેઓ ૯૯.૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૪મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ૧૫.૨ બિલિયન વધી છે.

## આપની આજ.......

મેષઃતમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઇ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં. ઘર-પરિવારમાં એકબીજા પ્રત્યે પ્રેમ જળવાયેલો રહેશે.

વૃષભઃકોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે. આજે તમને કોઇ ગમતું કાર્યને કરવામાં પણ સમય પસાર કરો.

મિથુનઃતમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે.

કર્કઃ તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે.

સિંહઃ આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઈ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

કન્યાઃ કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

તુલાઃ છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. રાજનૈતિક તથા સામાજિક સીમા વધશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિકઃઆજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે. તમારા ઉદેશ્યોને પૂર્ણ કરવામાં ધ્યાન આપો. તમને ધારી સફળતા મળશે.

ધનઃ નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઈ મહત્ત્વપૂર્ણ સ્રોત બનશે. કોઈ ધાર્મિક સ્થળમાં પણ તમારો સમય પસાર થશે. કોઈ નવું કામની શરૂ કરવા માટેનો સમય યોગ્ય છે.

મકરઃ ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે. આજે તમારો આ ગુણ તમારી ઉન્નતિમાં મદદગાર રહેશે.

કુંભઃ આજે તમે તમારી ચતુરાઈથી કોઇ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે.

મીનઃ પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઈ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે ગ્રહની સ્થિતિઓ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે.

# યુપીએસસી ફાઈનલમાં ગુજરાતીઓનો જલવો! ગુજરાતના ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા, સૌથી વધુ પાટીદાર




અમદાવાદ,તા.૧૭

યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩નું અંતિમ પરિણામ આજે એટલે કે ૧૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. યુપીએસસીએ તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર સૂચના દ્વારા પરિણામોની જાહેરાત કરી છે. ફાઈનલમાં ગુજરાતના ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જી હા...જનરલ કેટેગરીમાં ૩૪૭ ઉમેદવારો પાસ થયા છે. જ્યારે ઈડબ્લ્યુએસના ૧૧૫ ઉમેદવારો પાસ થયા છે. કુલ ૧૦૧૬ ઉમેદવારમાંથી કુલ ૨૫ ગુજરાતી ઉમેદવારો યુપીએસસી ક્લિયર કરવામાં સફળ થયા છે. આ ૨૫ ગુજરાતીઓમાંથી ૫ યુવતી યુપીએસસી ક્લિયર કરવામાં સફળ રહી છે. જેમાં ઠાકુર અંજલિ અજય, ઝા સમીક્ષા, કંચન મનિષભાઈ ગોહિલ, ઘાંચી ગઝાલા, અને મીણા માનસીનો સમાવેશ થાય છે.

આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે જ્યારે દોનુરુ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. ચોથા સ્થાન પર પીકે સિદ્ધાર્થ રામકુમાર અને પાંચમું સ્થાન રુહાનીએ મેળવ્યું હતું. સત્તાવાર વેબસાઇટ પર મળેલી માહિતી અનુસાર કુલ ૧૦૧૬ ઉમેદવારોની ફાઈનલ પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૩૪૭ જનરલ કેટેગરીના, ૧૧૫ ઈડબ્લ્યુએસ, ૩૦૩ ઓબીસી, ૧૬૫ એસસી અને ૮૬ એસટી છે.

ઉલ્લેખનીય છે કે,યુપીએસસી સિવિલ સર્વિસ પ્રિલિમ્સની પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી. પ્રિલિમ્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજી હતી. પછી, મેન્સનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. મેન્સ માટે પર્સનાલિટી ટેસ્ટ ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે હાથ ધરવામાં આવ્યા હતા.

તમને જણાવી દઈએ કે ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા, ભારતીય પોલીસ સેવા અને કેન્દ્રીય સેવાઓ ગ્રુપ છ અને મ્માં નિમણૂક માટે લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ પરીક્ષણના આધારે અંતિમ પરિણામ તૈયાર કરવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે જે ઉમેદવારોએ સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી છે તેમની યુપીએસસી દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં ૧,૧૦૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. ભરતી દ્વારા ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા,ભારતીય પોલીસ સેવા,ભારતીય મહેસૂલ સેવા અને અન્ય કેન્દ્રીય સેવાઓ અને પોસ્ટ્સ પર નિમણૂકો કરવામાં આવશે.

યુપીએસસીના પરિણામ જાહેર થઇ ચુક્યા છે. જેમાંથી ગુજરાતના એક ઉમેદવાર પાસ થયા છે ત્યારે જે પૈકીના એક ઉમેદવાર કંચન ગોહિલ છે જે મૂળ ગીર સોમનાથના કોડીનારના છે. યુપીએસસી પાસ કરનાર કંચન ગોહિલે જણાવ્યું હતું કે યુપીએસસી પાસ કરવા માટે યોગ્ય દિશા યોગ્ય મહેનત કરવામાં આવે તો પાસ કરી ઘણું સહેલું છે અને ગુજરાતી વિષય સાથે પણ પાસ થઇ શકાય છે અને ઉમેદવારની ખાસ માનસિક તંદુસ્તરી હોવી જરૂરી છે ત્યારે કંચન ગોહિલ એ યુપીએસસી પાસ થવાનો મુખ્ય શ્રેયઃ પોતાના પિતાને આપ્યો હતો.

# ગાંધીનગરમાં અધિકારી ૨ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો




ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગરમાં છાલા ગામ ખાતે ફરિયાદીએ પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવવા ગ્રામ પંચાયત ગયા હતા પરંતુ તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨ લાખની માગ કરતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ છટકું ગોઠવી લાંચિયા અધિકારીને રંગે હાથ ઝડપ્યો છે.

ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જીત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગયા હતા. પણ આરોપી હઠીસિંહ કાનજીભાઈ સોલંકીએ પેઢીનામું કરાવવા ફરીયાદી પાસે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી. ફરિયાદી અને આરોપીની રકઝકના અંતે રૂપિયા ૫૦ હજાર આપવાના નક્કી થયા હતા.

આરોપી તલાટી કમ મંત્રી તરીકે માધવગઢ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતો હતો. લાંચના નાણા ફરીયાદી આપવા માંગતા ન હોવાથી લાંચની ફરિયાદ એસીબી કરી હતી. એસીબીએ લાંચનું છટકું ગોઠવતા આરોપીએ સ્થળ ઉપર લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં ગુનો કબૂલ્યો હતો.

# યોગીએ મુખ્યમંત્રી બનતાની સાથે જ તેમના તમામ કેસ બંધ કરાવી દીધા : તેજસ્વી યાદવ

પટણા,તા.૧૭

તેજસ્વી યાદવે સીએમ યોગીના આરોપોનો જવાબ આપતા કહ્યું કે યુપીમાં આજે જે સ્થિતિ છે તે કોઈનાથી છુપાયેલી નથી. તેમણે યોગીના સુશાસનના દાવા પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે ×તેમણે એક કામ કર્યું છે તે એવા કેસમાંથી તેમનું નામ દૂર કરવાનું હતું જેમાં તેઓ પોતે આરોપી હતા×.

બિહારમાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે ચૂંટણી પ્રચારમાંથી પરત ફર્યા બાદ યોગી આદિત્યનાથના આરોપોનો જવાબ આપ્યો હતો. તેજસ્વીએ કહ્યું કે તેમણે ૧૭ મહિનામાં શું જોયું, જ્યારે ૧૭ મહિના સુધી મહાગઠબંધન સત્તામાં હતું ત્યારે તેમણે શું બદલાવ જોયો, યોગીજી કૃપા કરીને મને કંઈક જણાવો. યુપીમાં આજે જે સ્થિતિ છે તે કોઈનાથી છુપાયેલી નથી.

જ્યારે તેમને યોગીના આરોપ વિશે પૂછવામાં આવ્યું કે બિહારમાં આરજેડી શાસન દરમિયાન ગુંડાઓ બંદૂકો ચલાવતા હતા, તો યાદવે કહ્યું, ×અહીં આવીને, તેમની પાસે કંઈક કહેવાનું હતું, તેથી તેઓ ગત મહાગઠબંધન સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન હતા.× બિહાર યાદવે કહ્યું, ‘‘અમારી સત્તાના ૧૭ મહિના આવા કોઈ કામ માટે જાણીતા નહોતા. બીજી બાજુ, સરકારી વિભાગોમાં મોટા પાયે ભરતી દરમિયાન, તેમના (યોગીના) રાજ્યમાંથી ઘણા અરજદારો અહીં આવ્યા હતા અને તેમણે યોગીના સુશાસનના દાવા પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે ×તેમણે જે કર્યું છે તે સાફ કરવાનું હતું. જે કેસમાં તે પોતે આરોપી હતો તેમાંથી તેનું નામ.

તેજસ્વીએ કહ્યું, ×યોગી આદિત્યનાથ એવા પહેલા મુખ્યમંત્રી બન્યા કે જેમણે મુખ્યમંત્રી બન્યા પછી સૌથી પહેલું કામ પોતાના તમામ કેસ બંધ કરાવવાનું કર્યું. આ લોકોને કામની ચિંતા નથી, તેઓ માત્ર અહીં અને ત્યાં વાત કરવા માગે છે.'' તેમણે કહ્યું, ‘‘અમે યુપીના લોકોને નોકરી આપી છે તમારા રાજ્યના લોકો અહીં આવીને નોકરી કરી રહ્યા છે, તો તમે શું કરો છો ઉત્તર પ્રદેશની સરકાર માત્ર પેપર લીક કરવા માટે કેમ પ્રખ્યાત છે?

બીજેપી સાંસદ રાજીવ પ્રતાપ રૂડીના આરોપો પર આરજેડી નેતા તેજસ્વીએ કહ્યું કે રોહિણી આચાર્યએ તેના માતા-પિતાની સેવા કરી છે.

# હું મુરાદાબાદથી પણ ચૂંટણી લડી શકું છું,પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા

નવીદિલ્હી,તા.૧૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ વચ્ચે કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા અચાનક સક્રિય થઈ ગયા છે. સામાન્ય રીતે મીડિયાથી દૂર રહેતા વાડ્રા હવે રાજકારણ વિશે ખુલીને વાત કરી રહ્યા છે અને સતત ચૂંટણી લડવાની ઈચ્છા પણ વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ રાહુલ ગાંધીના સ્થાને અમેઠીથી કોંગ્રેસના ઉમેદવાર હશે, તો તેમણે ના પાડી. હવે તેણે હરિયાણામાંથી ચૂંટણી લડવાના સંકેત પણ આપ્યા છે.

રાજકારણમાં તેમની ભૂમિકા અંગેના પ્રશ્ન પર વાડ્રાએ કહ્યું, ×જો કોંગ્રેસ પાર્ટીને લાગે છે કે હું પરિવર્તન લાવી શકીશ, તો હું સક્રિય રાજકારણમાં આવવા માટે તૈયાર છું. એ જરૂરી નથી કે હું અમેઠીથી ચૂંટણી લડું. હું મુરાદાબાદથી પણ ચૂંટણી લડી શકું છું. અથવા હરિયાણા.× હું ચૂંટણી લડી શકું છું.× મહત્વની વાત એ છે કે વાડ્રાએ ખુદ મુરાદાબાદનું નામ લીધું છે, જ્યારે અમેઠીને લઈને મીડિયામાં અટકળો લગાવવામાં આવી રહી હતી.

રોબર્ટ વાડ્રાએ કહ્યું કે ×હું માનું છું કે આપણે ભેદભાવ ન કરવો જોઈએ અને ધર્મની રાજનીતિથી દૂર રહેવું જોઈએ. પીએમ મોદીએ લોકોની સમસ્યાઓ સમજવી જોઈએ અને વિચારવું જોઈએ કે આપણે વિકાસના માર્ગ પર કેવી રીતે આગળ વધી શકીએ. મારો પરિવાર ભેદભાવ હું નથી કરતો. તેને એક બિનસાંપ્રદાયિક દેશ તરીકે વિચારો, જ્યારે પણ મેં લોકો માટે કામ કર્યું છે, તેઓએ મને શક્તિ આપી છે.

અમેઠી અને રાયબરેલીની બેઠકો હંમેશા ગાંધી પરિવારનો ગઢ રહી છે. રાહુલ ગાંધીને ૨૦૧૯માં અમેઠીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી કોંગ્રેસ અહીં નવા ચહેરાની શોધમાં છે. તે જ સમયે, રાયબરેલી ૨૦૧૯ માં યુપીની એકમાત્ર બેઠક હતી, જ્યાં કોંગ્રેસ જીતી હતી. સોનિયા ગાંધી દાયકાઓ સુધી અહીંથી સાંસદ હતા. હવે તેણીએ સ્વાસ્થ્ય અને ઉંમરને ટાંકીને લોકસભાની ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે અને રાજસ્થાનથી રાજ્યસભામાં ગયા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ સમક્ષ બંને બેઠકો માટે ઉમેદવારો શોધવાનો પડકાર છે.

# ઊંઘ માનવીની મૂળભૂત જરૂરિયાત છે, તેનું ઉલ્લંઘન ન કરવું જોઈએ,બોમ્બે હાઈકોર્ટે ઈડીને ફટકાર લગાવી

મુંબઇ,તા.૧૭

બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં ઈડીને કડક ચુકાદો આપ્યો છે. એક કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું કે ઊંઘનો અધિકાર માનવીની મૂળભૂત જરૂરિયાત છે અને તેને ન આપવી એ કોઈપણ વ્યક્તિના માનવ અધિકારનું ઉલ્લંઘન છે. જસ્ટિસ રેવતી મોહિતે-ડેરે અને મંજુષા દેશપાંડેની ખંડપીઠે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ને જ્યારે પણ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (પીએમએલએ) હેઠળ કોઈને સમન્સ જારી કરે ત્યારે નિવેદનો રેકોર્ડ કરવા માટે ×દુનિયાભરનો સમય× આપવાનો નિર્દેશ આપ્યો હતો જારી કરવામાં આવશે.

હાઈકોર્ટ ગાંધીધામના રહેવાસી ૬૪ વર્ષીય રામ કોટુમલ ઈસરાની દ્વારા તેમની ધરપકડને ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરતી અરજીની સુનાવણી કરી રહી હતી. એડવોકેટ વિજય અગ્રવાલ, આયુષ જિંદાલ અને યશવર્ધન તિવારીએ કોર્ટને જણાવ્યું હતું કે ૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ઈસરાની દિલ્હીમાં સવારે ૧૦.૩૦ વાગ્યે તપાસમાં જોડાયા હતા અને તેમની અંગત સ્વતંત્રતા સાથે ચેડા કરવામાં આવ્યા હતા, તેમનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો હતો અને તેમને ઈઙ



અધિકારીઓએ ઘેરી લીધા હતા અને તેમનો પીછો કર્યો હતો. તેમને વોશરૂમ સુધી.

અગ્રવાલે કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે ઈસરાનીની આખી રાત પૂછપરછ કરવામાં આવી હતી, જેણે તેમના ‘ઊંઘના અધિકાર'નું ઉલ્લંઘન કર્યું હતું, જે બંધારણની કલમ ૨૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલા તેમના જીવનના અધિકારનો એક ભાગ છે. ઈઙએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી સવારના ૩ વાગ્યા સુધી ઈસરાનીનું નિવેદન નોંધ્યું હતું, જેનાથી તેમને ઊંઘવાનો અધિકાર છીનવાઈ ગયો હતો. અગ્રવાલે કહ્યું કે ઈસરાનીને તબીબી સમસ્યાઓ હતી અને તેથી ઈડીએ મધ્યરાત્રિ પછી તેનું નિવેદન નોંધવાની કોઈ ઉતાવળ કરવી જોઈતી ન હતી અને તેને આગામી તારીખે અથવા તેના થોડા દિવસો પછી પણ બોલાવવામાં આવી હોત. ઈસરાનીની ૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૫.૩૦ વાગ્યે ઈડી દ્વારા ઔપચારિક રીતે ધરપકડ કરવામાં આવી હતી.

એડવોકેટ હિતેન વેનેગાંવકર અને આયુષ કેડિયા, એજન્સી તરફથી હાજર થયા, જણાવ્યું હતું કે ઈસરાનીને તેમના નિવેદનના મોડું રેકોર્ડિંગ સામે કોઈ વાંધો નથી અને તેથી, તે રેકોર્ડ કરવામાં આવ્યું હતું. બેન્ચે કહ્યું, ×સામાન્ય સમયે નિવેદન નોંધવાથી વ્યક્તિ ચોક્કસપણે તેની ઊંઘ વંચિત કરે છે, જે મનુષ્યનો મૂળભૂત માનવ અધિકાર છે. અમે આ પ્રથાને સ્વીકારી શકીએ નહીં,× બેન્ચે કહ્યું. ઊંઘનો અભાવ વ્યક્તિના સ્વાસ્થ્યને અસર કરે છે, તે તેની માનસિક સ્થિતિ, કામ કરવાની કુશળતા વગેરેને બગાડે છે.

હાઈકોર્ટે કહ્યું કે, ×રામ કોટુમલ ઈસરાનીને એજન્સી દ્વારા તેના મૂળભૂત માનવ અધિકાર એટલે કે ઊંઘવાના અધિકારથી વંચિત કરી શકાય નહીં. યોગ્ય સમય કરતાં નિવેદન નોંધવું જોઈએ અને રાત્રે નહીં. ×જ્યારે વ્યક્તિની કામ કરવાની કુશળતા બગડવા લાગે છે.× કોર્ટે એડવોકેટ અગ્રવાલની દલીલને ફગાવી દીધી હતી કે ઈસરાનીની ધરપકડ ગેરકાયદેસર હતી.

કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ વ્યક્તિને પૂછપરછ માટે બોલાવવામાં આવે છે, ત્યારે તપાસ એજન્સી એ નિર્ણય પર પહોંચી શકતી નથી કે તે વ્યક્તિ કોઈ ગુના માટે દોષિત છે કે નહીં. અરજદાર, ૬૪ વર્ષનો, અગાઉ તેનું નિવેદન નોંધવા માટે એજન્સી સમક્ષ હાજર થયો હતો. કોર્ટે કહ્યું કે ઈસરાનીની કથિત સંમતિ હોવા છતાં મધ્યરાત્રિ પછી રાહ જોવાના બદલે તેને અન્ય કોઈ દિવસે અથવા બીજા દિવસે પણ બોલાવી શકાઈ હોત. બેન્ચે આ મામલે પાલન કરવા માટે ૯ સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી છે.

# સપાએ ટિકિટ આપવામાં જાતિ સમીકરણને સરળ બનાવ્યું, માત્ર ૭ ટકા મુસ્લિમ ઉમેદવારો

લખનૌ,તા.૧૭

સપાએ ટિકિટ આપતી વખતે જ્ઞાતિના સમીકરણો ઉકેલવાના તમામ પ્રયાસો કર્યા છે. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે કે તેમનું કોઈ પગલું ધાર્મિક ધ્રુવીકરણનો સંદેશ ન જાય. આ જ કારણ છે કે મુસ્લિમો અને યાદવો કરતાં વધુ કુર્મી, મૌર્ય-શાક્ય-સૈની-કુશવાહાને ટિકિટ આપવામાં આવી છે.

અત્યાર સુધીમાં જાહેર કરાયેલા ૫૭ એસપી ઉમેદવારોમાંથી ચાર મુસ્લિમ છે, નવ સામાન્ય કેટેગરીના છે, ૧૫ એસસી અને ૨૯ ઓબીસી છે. ગઠબંધન હેઠળ, સપાએ યુપીમાં ૬૨ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખવાના છે, જ્યારે ૧૭ બેઠકો કોંગ્રેસના ખાતામાં છે અને એક તૃણમૂલ કોંગ્રેસના ખાતામાં છે.

સપાએ ટિકિટ આપવા માટે તેની પીડીએ (પછાત, દલિત અને લઘુમતી) વ્યૂહરચના ધ્યાનમાં રાખી છે, પરંતુ તેનો હેતુ એવા ઉમેદવારોને ઉભા કરવાનો પણ હતો કે જેઓ આધાર વોટમાં પ્લસ સ્કોર કરે છે. આ સમીકરણો હેઠળ બસ્તી, પ્રતાપગઢ, ગોંડા, આંબેડકર નગર, બાંદા, લખીમપુર ખેરી, પીલીભીત, કુશી નગર અને શ્રાવસ્તી એમ નવ બેઠકો પર કુર્મી-પટેલ-સંથવાર ઉમેદવારો આપવામાં આવ્યા છે.

મુસ્લિમો અને યાદવો (મારા)ને એસપીની બેઝ વોટ બેંક માનવામાં આવે છે, પરંતુ તેણે કૈરાના, ગાઝીપુર, સંભાલ અને રામપુર - ચાર બેઠકો પર જ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. રાજ્યની વસ્તીના લગભગ ૨૦ ટકા મુસ્લિમો છે, પરંતુ અત્યાર સુધી જાહેર કરાયેલા સપા ઉમેદવારોમાં તેમનો હિસ્સો માત્ર સાત ટકા છે.

તેવી જ રીતે, ફિરોઝાબાદ, બદાઉન, મૈનપુરી અને આઝમગઢના ઉમેદવારો જ યાદવ જાતિના છે. આ તમામ સપા પ્રમુખ અખિલેશ યાદવના પરિવારના સભ્યો છે. અત્યાર સુધી જાહેર કરાયેલા ઉમેદવારોમાં મૌર્ય-શાક્ય-સૈની-કુશવાહાને છ લોકસભા મતવિસ્તાર - એટાહ, અમલા, ફરુખાબાદ, બિજનૌર, જૌનપુર અને ફુલપુરમાંથી ઉમેદવારો આપવામાં આવ્યા છે.

ગુર્જર ઉમેદવારોને ગૌતમ બુદ્ધ નગર, અકબરપુરથી પાલ, સુલતાનપુર, મિર્ઝાપુર, સંત કબીર નગર અને ગોરખપુરથી નિષાદ ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. મુઝફ્ફરનગર અને અલીગઢ એમ બે બેઠકો પરથી જાટ ઉમેદવારો આપવામાં આવ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
### આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 193**
વિષય - 'સાહિત્યમાં સુધારા'
શિર્ષક ?- સજાવી મેં ?ગઝલ
પ્રકાર?- પદ્ય
શબ્દો ?- ૭૧

ભરી છાબ શબ્દોની લાવી મેં ગઝલ..
સુંદરતામાં ઢાળવા મહેકાવી મેં ગઝલ..

ભૂલકાની બોલી માં મલકાતી 'મા' જોઈને,
સ્મિતના ખંજન માં ભરાવી મેં ગઝલ

નવવધુનો શણગાર પહેરાવી સાંજને,
પ્રણયની છબીમાં મઢાવી મેં ?ગઝલ..

છંદ?? આછંદસ? માં ?નથી? પડતી? ખબર..
પ્રાસ બેસાડી પ્રયાસમાં દર્શાવી મેં ?ગઝલ..

કાનો માત્રા ને અલંકાર માં ?આવે ભૂલ,
લખતાં લખતાં ?શીખવાને બહાને સુધારી મેં ?ગઝલ..

ભાષા મારી? ગુજરાતી ને સાહિત્ય મારુ વિશ્વ..
વાંચતા, લખતાં ? જીંદગીમાં સજાવી? મેં ગઝલ..

**Akya shan**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " સાહિત્યમાં સુધારા "
શીર્ષક : " શબ્દોનું ચયન જરુરી છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૮૨.
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )

સમયની સાથે થવું પરિવર્તન જરૂરી છે,
પરિવર્તનમાં સારું થવું વર્તન જરૂરી છે.

ભૂલ હો વ્યાકરણે કિનારા કરવા પડશે,
મારે પણ કાવ્યોમાં સુધારા કરવા પડશે,

સારા સારા વિચારોનું, કીર્તન જરૂરી છે.
સમયની સાથે થવું પરિવર્તન જરૂરી છે.

અલંકાર શબ્દોમાં, જરૂરત હો ત્યાં મૂકું,
કાવ્યોના ભાવ પ્રમાણે ચિહ્નો મૂકી ઝૂકું,

અલ્પ, પૂર્ણ વિરામનું, ચયન જરૂરી છે,
સમયની સાથે થવું પરિવર્તન જરૂરી છે.

શબ્દાનુપ્રાસ - અંત્યાનુપ્રાસમાં લખું છું,
છંદ, અછાંદસ ગઝલ લખવાનું શીખું છું,

શબ્દ શુધ્ધતાનું 'શ્યામ' ધ્યાન જરૂરી છે,
સમયની સાથે થવું પરિવર્તન જરૂરી છે.

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:227**
વિષયઃ સાહિત્યમાં સુધારા
શીર્ષકઃ સાહિત્યની ગાથા
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ ૯૩

સાહિત્ય ની ગાથા
સાહિત્યની સુધરતી નિત નવી ભાષા,
તેમાં - જોડાય છે કેટ કેટલી આશા.
ભૂતકાળ નિરખ્યું નહી તોય બને સાહિત્ય અરિસા.
સાહિત્ય થકી ભંગાય માનવીની નિરાશા,
સાહિત્ય રચે વાર,તહેવારને મેળા.
જોયા ન લોક કે પરલોક તોય સાહિત્ય સર્જે તેની માયા.
સાહિત્ય જ ધર્મને રિવાજના પડછાયા,
શબ્દ ને અક્ષર સાહિત્યમાં ગુંથાયા.
કાવ્ય,ગઝલ,સોનેટ સાહિત્યની બનાવે રંગીન દુનિયા.
જેમ પશુ-પંખી કુદરતની વધારે શોભા,
તેમ સાહિત્યની વિસ્તરતી રહે આભા.
ભૂત,ભવિષ્યને વર્તમાનને જોડે સાહિત્ય પળવારમાં.
વિસરતી સંસ્કૃતિની વિકસાય ગાથા,
ઋષીઓ ની રચના તો મુનીઓની માયા.
આ સાહિત્ય જ એમના વિશ્વાસની બની પરિભાષા.
સમજ,સમાજ,સામાજિકતાના અખાડા,
સાહિત્યે બધા બંધનો પછાડ્યા.
વિસ્તરતી સુધરતી સદા સાહિત્યની આ વિશાળ ગાથા.
સેજલ પટેલ (સેજસ્મી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય :સાહિત્યમાં સુધારા
શીર્ષકઃ સાહિત્ય સુધાર
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૬૫
નામઃ પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

કરવો? હોય સાહિત્યમાં સુધાર,
કરો પુસ્તકોનું વાંચન વધાર.

કાષ્ટની પૂતળી વસ્ત્રાલંકારથી શોભે, સાહિત્ય સારૂ વ્યાકરણથી શોભે.

આરોહ અવરોહ થકી રચના શોભે,
શબ્દોની શુદ્ધતા થકી રચના દીપે.

કરવો હોય સાહિત્યમાં સુધાર,
શબ્દોની જોડણીમાં કરો સુધાર.

ગદ્ય નિબંધ પત્રલેખન કે વાર્તા,
પદ્ય બાલગીત ગઝલ કે તાન્કા.

કલ્પન તમારું હોય ઉત્કૃષ્ટ,
રચના એટલી જ બનશે શ્રેષ્ઠ.

કરવો હોય સાહિત્યમાં સુધાર,
અંતર મનમાં રાખો સુધાર.

'પ્રેમ' સાહિત્ય તો છે સમાજનું દર્પણ,
સાહિત્યથી સમાજ બને શુદ્ધ.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
★વિષય :- ★સાહિત્યમાં સુધારા★
★શિર્ષક :- ★'પ્રીતાર્ષ' સંગ સાહિત્યમાં સુધારો★
★પ્રકાર :-પદ્ય★ - શબ્દ :- ૬૮
★નામ :- ★પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'★

લખનારાની
લાંબી લાંબી લાઈન
બધા ગૃપમાં,
પણ તબિયત તો
સાચાની જ ફાઈન !

ચેતજો ખોટા
રચયિતાઓ અહીં;
સુધારા માટે
સાહિત્યમાં, આવ્યો છે
બાજનજરી એ.આઈ.

ચાલો પ્રતિજ્ઞા
લઈએ એકમેક
સંગ, સાથથી.
સાચું સારું લખીશું
પોતાનું જ લખીશું.

લખાણ કર્મ
સજાવો ધર્મ સંગ!
નકલ છોડો;
'પ્રીતાર્ષ' સંગ આવે
સાહિત્યમાં સુધારો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO 184***
★વિષય★ :- ★સાહિત્યમાં સુધારા★
★શિર્ષક★ :- ★'હર્ષ' માટે લખીએ★
★પ્રકાર★ :- ★પદ્ય★ - ★શબ્દ :- ૯૭★
★નામ★ :- ★હસમુખ બી. પટેલ 'હર્ષ' 'પરખ'★

થોભો ભલે થાય મોડું, પામવા માટે રચીએ;
ચાલો હવે થોડું થોડું, જીવવા માટે લખીએ.

કરો કોપી કે તફડંચી એ, બતાવે તમારી જગ્યા;
સાચું લખીએ સારું લખીએ, હાશ માટે લખીએ.

લખો લખો રે મસ્ત લખો, થાય ના ક્યાંયે પંગા;
છોડો ફોટા ભૂલો ખિતાબ, ભક્તિ માટે લખીએ.

છોડી સ્પર્ધા મૂકી નામ, રચો હવે શબ્દનો પ્રાસ;
એ જ લખો જે તમારું છે, સચ્ચાઈ માટે લખીએ.

વહેલા કે મોડા પકડાવાના, દંભી, કપટી, ને ખોટા;
'સુધારો 'પરખો' સાહિત્યમાં, 'હર્ષ' માટે લખીએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No :194**
વિષય : સાહિત્યમાં સુધારા
શીર્ષક : સાહિત્યમાં સુધારાવડે સર્જનનો આનંદ
પ્રકાર : પદ્ય , શબ્દ : ૧૪૧
નામ : ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)

" પરિવર્તન એ છે નિયમ રચૈતાનો,
ભાષા,ભોજન, સ્થળ,..સર્વેમાં એ છે સ્વીકારાતો.

બાર ગાઉએ બદલાતી બોલી, પ્રથમ પગથિયું ભાષાનું એ જ કહેતી.
નો,ની,નું,ના..વટથી બદલતી,એ પ્રાંતમાં સ્વીકાર્ય એ જ બનતી.

લખાણની શૈલીમાં લાઘવ લાવવા, અલંકારિકતાની મહિમાથી એ પોષાતી,
લખેલી કૃતિને સ્વરબદ્ધ કરવા છન્દોબધ્ધતા અનિવાર્ય ગણાતી.

સંજ્ઞા, વિશેષણ અને સમાસનું સહચર્ય, કૃતિને સુંદર સજાવતી,
વિરામ ચિન્હોની સુયોગ્ય ગોઠવણ, રચનામાં ભાવવહીતા લાવતી.

અનુસ્વારનું યોગ્ય સ્થાન શબ્દનું મહત્વ સમજાવતી,
ટ, ઢ અને ઠ ની સાચી ગોઠવણી,કૃતિને અર્થ સભર બનાવતી.

ઉઠાન્તરી ના મોહ ને ત્યજી,વિચારોની અભિવ્યક્તિ ને સ્વીકારવી,
કાનો,માત્ર,જોડાક્ષર કે રેફને, સમજપૂર્વક મૂકી કૃતિની ગુણવત્તા સુધારવી.

સર્જન છે પોતાનું એ માની, રચવાની કલાને ગણવી પ્રભુની પ્રસાદી,
નિજાનંદ માટે જ કૃતિ રચી સાહિત્યની સેવા ને સહજ સ્વીકારવી.

ટીકા ટિપ્પણ એ છે વિશિષ્ટ દ્રષ્ટિ ની કદર, એને સમજીને વિશાળ હૃદયે સ્વીકારવી,
સાહિત્યમાં સમયાંતરે સુધારાને અપનાવી,
આગવી આપણી કેડી કંડારવી. "

# સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ દ્વારા જીવદયા, ગૌસેવાનાં કાર્યો અંગે રાજ્યપાલને મહોદયને રૂબરૂ રજુઆતો

સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ, મિત્તલ ખેતાણી અને સાથી ટીમ દ્વારા જીવદયા, ગૌસેવાનાં કાર્યો અંગે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીને રાજભવન ખાતે રૂબરૂ મળીને રજુઆતો કરવામાં આવી છે. રાજ્યપાલ મહોદય આચાર્ય દેવવ્રતજીએ આ અંગે નિયામાનુસાર પોતાનાથી બનતા તમામ સહકારની ખાતરી આપી હતી.

રાજયની તમામ પાંજરાપોળ/ગૌશાળાને કાયમી, દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન કાયમી ૧૦૦ રૂપીયા સબસીડી આપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી. સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડ કે જે પ્રજા અને સરકાર વચ્ચેનો સંકલન કરવાનું ખૂબ મોટું માધ્યમ છે આ બોર્ડને વધુ વેગવંત બનાવવામાં આવે, વધુ કાર્યાન્વિત કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે. પ્રદેશમાં અલગથી ગૌ મંત્રાલય, એનિમલ વેલ્ફેર મંત્રાલય બનાવમાં આવે તેવી રજૂઆત કરાઈ છે, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં ઘણા સમયથી પૂર્ણકાલીન ચેરમેનની નિયુક્તિ થવાની બાકી છે આ નિયુક્તિ થઇ જાય તો ગુજરાતની તમામ ગૌશાળાઓ, પાંજરાપોળો અને અનેક જીવદયા સંસ્થાઓને અનુકુળતા થાય તે માટે ચેરમેનની નિમણુક કરવા રજૂઆત કરાઈ છે, પ્રદેશમાં જેટલા ગૌચર બચ્યા છે તે બાવળ મુક્ત થાય દબાણ મુક્ત



થાય તેને ફેનસીગ થાય તેના અંદર સારો ઘાસચારો ઊગે અને તે દ્વારા જે તે વિસ્તારના અબોલ જીવોને શાતા વધે તેવું આયોજન કરવા રજૂઆત કરાઈ છે. જે રાસાયાણીક ખાતર પેદા કરે છે તેમને રાજ્ય સરકાર દરેક પ્રકારે આર્થિક સહાય મળી રહે છે તેવી જ રીતે દરેક પાંજરાપોળ/ગૌશાળાએ ઓર્ગેનિક ખાતર માટે સબસીડીની વ્યવસ્થા હોવી જોઈએ તેવી રજૂઆત કરાઈ છે, દરેક ૧૦ ગામ દિઠ ''૧૯૬૨ પશુ સારવાર એમ્બ્યુલન્સ× શરૂ થાય તથા અમલીકરણ દરેક ગામ દીઠ થાય તે માટે રજૂઆત કરાઈ છે, પંચગવ્ય આધારિત તાલીમ કેન્દ્ર બનાવવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે, દરેક પોલીસ સ્ટેશનમાં એક અધિકારી હોવો જોઈએ જે પ્રાણી કલ્યાણ વિશે જાણકાર હોય અને પશુ કલ્યાણના કેસોમાં મદદ કરી શકે તેવી રજૂઆત કરાઈ છે, ગુજરાતનાં ધાર્મિક સ્થળો—યાત્રાધામો જેવા કે પાલીતાણા, ગીર-સોમનાથ, દ્વારકા, ચોટીલા, બહુચરાજી, મહુડી, અંબાજી, પાવાગઢ, ડાકોર, સાળંગપુર, બગદાણા, વિરપુર, શામળાજી, દ્વારકા, રતનપર, ઘેલા સોમનાથ, (જિ. રાજકોટ), માટેલ, જુનાગઢ, ગીરનાર ક્ષેત્ર વિગેરે ધાર્મિક સ્થળોમાં દર વર્ષે લાખો યાત્રીકો દર્શનાર્થે આવતા હોય છે, આ વિસ્તારોમાં પશુ-પક્ષીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ વિસ્તારોમાં ઘવાયેલા, બિમાર પશુ—પક્ષીઓની સ્થળ પર જ, ૨૪ કલાક, નિઃશુલ્ક સારવાર માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ (સંપર્ક : ટોલ ફ્રી નંબર ૧૯૬૨) ની પ્રશંસનીય સેવા જયાં બાકી હોય ત્યાં ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાય તેવી રજૂઆત કરાઈ છે.રાજ્યપાલ મહોદય આચાર્યદેવવ્રતજીને તેમના પ્રાકૃતિક ખેતી મિશનમાં પણ રાજયની તમામ ગૌશાળા, પાંજરાપોળો વતી તમામ સહકારની ખાતરી પણ ડૉ. ગિરીશ શાહ, મિત્તલ ખેતાણી અને સાથી ટીમ દ્વારા આપવામાં આવી હતી.

## ચૈત્રી નવરાત્રી નિમિતે શીવ શકતિ સોસાયટી જીવરાજપાર્ક ખાતેનવચંડી યજ્ઞ યોજાયો



તા ૧૪/૩/૨૦૨૪ ના રોજ રવિવારે જીવરાજપાર્ક વેજલપુર ખાતે ચૈત્રી નવરાત્રી નિમિતે નવચંડી યજ્ઞ નુ આયોજન શીવ શક્તિ સોસાયટી દ્વારા કરવામા આવ્યુ હતુ જેમા દશ થી વધારે યુગલ યજ્ઞ મા જોડાયા હતા આ પ્રસંગે લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

## "ડાંગ ના MLA નું ગામ હનવતચોંડ નું (ઢુંઢુનિયા) ફળ્યું ના લોકોએ લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવા તૈયારી કરી"

આહવા તાલુકામાં સમાવિષ્ટ ડાંગ ના ધારાસભ્યશ્રી નું ગામ હનવતચોંડ નું ફળ્યું (ઢુંઢુનિયા) ના તમામ લોકોએ આવનારી ચૂંટણી નો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

ચૂંટણી બહિષ્કાર કરવાનું કારણ :

ઢુંઢુનિયા ફળ્યા ના લોકોએ (ઢુંઢુનિયા ફળ્યું ) ને ગામ તરીકે માન્યતા મળે તે હેતુથી તા:૧૧/૦૧/૨૦૨૪ ના રોજ ડાંગ કલેક્ટરશ્રીને તથા ડાંગ ના સ્ન્છ શ્રી. વિજયભાઈ પટેલને તેમણે આવેદનપત્ર આપ્યું હતું. જેમાંઉલ્લેખ કરવામાં આવ્યું હતું કે જો તેમની માંગણીઓ નહીં સ્વીકારાય તો તેઓ આવનારી લોકસભા ની ચૂંટણી નો બહિષ્કાર કરશે. આ બાબતે તેમણે ઉપરોક્ત સાહેબશ્રીઓને મુદત આપી હતી તે મુદત દરમ્યાન સાહેબશ્રીઓ એ આ લોકોને કોઈ જવાબ નહીં આપતાં આખરે તેઓએ મક્કમતાથી નિર્ણય લીધો છે કે હવે તેમની પાસે એકજ માર્ગ બચ્યો છે અને તે છે ચૂંટણી બહિષ્કાર..!..?

નોંધ : અલગ ગામની માંગણી માટેનું કારણ છે કે હનવતચોંડ ગામમાં જે પણ સરકારશ્રી ની ગ્રાન્ટ કે સહાયો આવે છે તે ઢુંઢુનિયા ફળિયામાં ઉપયોગ કરવામાં આવતી નથી. ગામની મુખ્ય સમસ્યા પાણી, રસ્તા, પાકા ઘરો વગેરે થી વંચિત રાખવામાં આવે છે જેથી આજરોજ (ઢુંઢુનિયા) ફળીયાના તમામ લોકોએ ભેગાં થઈને ચૂંટણી બહિષ્કાર કરવાનો પાક્કો નિર્ણય લઈ લીધો છે.

## સદભાવના વૃદ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે. નિઃશુલ્ક પ્રવેશ અપાશે.

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાઘાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.

## ૧૮ એપ્રિલ, "વિશ્વ ધરોહર દિવસ"

**દર વર્ષે ૧૮ એપ્રિલનાં દિવસને યુનેસ્કો દ્વારા "વિશ્વ ધરોહર દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ખુબ જ સુંદર, પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી ઈમારતોનું રક્ષણ કરવા તેમજ લોકોમાં તેના પ્રતિ જાગૃતિ લાવવાનાં હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાં ૧,૧૯૪ ઐતિહાસિક ધરોહરો છે. જેમાં ઈટાલીમાં ૫૮, સ્પેનમાં ૪૯, ચીનમાં ૫૬, ફ્રાન્સમાં ૪૫, જર્મનીમાં ૪૬, મેક્સિકોમાં ૪૫, ભારતમાં ૪૦, યુનાઈટેડ કિંગડમમાં ૩૩, યુનાઈટેડ સ્ટેટ્સમાં ૩૩ છે. ઐતિહાસિક વારસાનાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે : હિસ્ટોરિકલ, ડિસ્ટ્રોઈડ અને મોર્ડન. વિશ્વનો સૌથી મોટું ઐતિહાસિક વારસો ઓસ્ટ્રેલિયામાં આવેલ ગ્રેટ બેરિયર રીફ છે, જે ૩૪૪,૪૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. અત્યાર સુધી કુલ ૫૩ સ્થળો એવા છે કે જે "હેરીટેજ ઈન ડેનજર" તરીકે જાહેર થયા છે જેમાંથી ૧૭ કુદરતી સ્થળો છે અને ૩૬ સંસ્કૃતિક સ્થળો છે. કાઝીરંગા નેશનલ પાર્ક, લાલ કિલ્લો, ખજુરાહોની અને એલીફંટાની ગુફાઓ, કોર્ણાક સૂર્યમંદિર, આગ્રાનો કિલ્લો વગેરે ભારતના પ્રચલિત ઐતિહાસિક સ્થળો છે.**

**મિત્તલ ખેતાણી**

# ચાણસ્માના લણવા ગામે રામનવમી ની ભવ્ય ઉજવણી કરાઇ




સમગ્ર ભારતભરમાં ભગવાન શ્રી રામ ની અગાઉના સમયમાં અયોધ્યા ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન જે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી તેવી જ રીતે આજરોજ રામનવમીના દિવસે પણ ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી ત્યારે ચાણસ્મા તાલુકાના લણવા ગામે પણ રામનવમીના દિવસે વહેલી સવારથી જ સમગ્ર ગામ રામમય બની જવા પામ્યું હતું તેમજ ગામની અંદર શોભાયાત્રા રામધૂન સહિતના કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં સાધુ સંતો તેમજ સમગ્ર લણવા ગામના લોકો જોડાઈને પ્રસંગ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો

રામ નામ મૈં લીન હૈ.દેખત સબ મૈં રામ આજે રામનવમીના પર્વ નિમિત્તે સમગ્ર હિન્દુ સમાજમા ભગવાન શ્રી રામ ના નામનો ધર્મોલ્લાસ છવાયો હતો રામ મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા ઘરે ઘરે રામનવમીના ઉપવાસ સહિતના કાર્યક્રમો યોજાયા હતા ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના લણવા ગામે આવેલ રામજીમંદિર ખાતે વહેલી સવારે ભગવાન શ્રી રામ ની મહાઆરતી કર્યા બાદ મહિલા મંડળ દ્વારા રામધૂન નું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સમગ્ર ગામની અંદર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં નાના નાના ભૂલકાઓ દ્વારા અવનવી વેશભૂષા ધારણ કરી હતી ત્યારબાદ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું આમ સમગ્ર ગામની અંદર આખો દિવસ રામમય બની રામનવમી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી નિખિલ જોષી : પાટણ જીલ્લા પત્રકાર

# ચાણસ્મા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં ગોડાઉન થી માલ નહીં મળતા આવેદનપત્ર આપ્યું

ચાણસ્મા તાલુકાના અનેક ગામોમાં આવેલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોમાં સરકાર દ્વારા મળતા સસ્તા અનાજનો જથ્થો નહીં મળતા આજરોજ સસ્તા અનાજની દુકાનદારો ભેગા મળીને ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે પુરવઠા મામલતદાર ને આવેદનપત્ર આપ્યું હતું

ચાણસ્મા તાલુકો ૬૦ જેટલા ગ્રામ્ય વિસ્તારો ધરાવતો તાલુકો છે તેમજ મોટા ભાગના લોકો ગરીબી રેખા નીચે જીવન નિર્વાહ કરી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા આપવામાં આવતું મફત રાશન દર મહિને મળતું હોય છે પરંતુ ચાણસ્મા ખાતે આવેલ માલ ગોડાઉન પર મજુરો નહીં હોવાના કારણોસર અનાજનો જથ્થો સસ્તા અનાજની દુકાન સુધી નહીં પહોંચતા આજરોજ તાલુકાના તમામ સસ્તા અનાજની દુકાનદારો ભેગા મળીને ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે પુરવઠા મામલતદાર ને આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવાયું હતું કે સરકારી અનાજનાં ગોડાઉનમાં મજુરો ન હોવાથી અમારા તાલુકાની એફ.પી?.એસ ખાતે હજુ સુધી માલનો જથ્થો મળ્યો નથી તેમજ દર મહિને ગોડાઉનમાં મજુરો નહીં હોવાના કારણે વિતરણ વ્યવસ્થા ખોરંભે પડે છે ત્યારે સત્વરે આ પ્રશ્ન નું નિરાકરણ લાવવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરી હતી તેમજ વધુમાં જણાવ્યું હતું કે સરકારી અનાજની દુકાનોમાં સમયસર માલનો જથ્થો નહીં પહોંચતા દુકાનદારો તેમજ ગ્રાહકો વચ્ચે પણ ઘર્ષણ ઉભું થતું હોય છે ત્યારે સત્વરે માલનો જથ્થો મળે તેવા પ્રયાસો કરવા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું નિખીલ જોષી : પાટણ જીલ્લો પત્રકાર

## રામજી કી નીકલી સવારી'ના તાલે રામ ભકતો ઝૂમ્યા.

# હારીજમાં રામનવમીની પાંચમી યોજાયેલ શોભાયાત્રાનું સ્વાગત કરાયું

હારીજ ખાતે આજથી પાંચ વર્ષ અગાઉ હિન્દુ એકતા સંગઠન દ્વારા પ્રથમ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હારીજ નગર ખાતે બુધવારના રોજ પાંચમી મર્યાદા પરસોત્તમ પ્રભુ શ્રી રામના જન્મોત્સવની શોભાયાત્રા ને ઉજવવા હારીજ નગરના સૌ રામ ભકતો હર્ષોલ્લાસ સાથે આ શોભાયાત્રામાં જોડાયા હતા. કાળઝાળ ગરમી વચ્ચે પણ ભર બપોર ત્રણ વાગ્યાના સમયે નિકળેલ શોભાયાત્રામાં ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. શોભાયાત્રામાં જોડાનાર મોટા ભાગના લોકોના હાથમાં ભગવો ધ્વજ લહરાતો હતો. મોટી સંખ્યમાં જોડાયેલ ભકતોના હાથના ભવગા ધ્વજથી યાત્રામાં સુંદર ચિત્ર ઉભુ થયું હતું. બીજી તરફ કાળઝાળ ગરમીમાં ભકતોનો ઉત્સાહ વધારવા હારીજ નગરના સેવાભાવી લોકો દ્વારા ઠેર



ઠેર સેવા કેમ્પોજેવાકે કેન્ડી, પાણી ની બોટલો, સરબત સહિતના કેમ્પો ઉભા કરવમાં આવ્યા હતા. યાત્રાએ હારીજ નગરમાં જય શ્રી રામ ના જયઘોષ સાથે રામ જન્મોત્સવનો ઉત્સવ હર્ષોલ્લાસ સાથે મનાવ્યો હતો. યાત્રા રામજી મંદિરે થઈ મેઈન બજાર, જલિયાણ સોસાયટી, શિશુમંદિર થઈ બસપાસ હાઈવે થઈ જલારામ મંદિર મહા આરાતી બાદ ભોજન પ્રસાદ લઈ શોભાયાત્રા પુર્ણ થઈ હતી. હારીજ ખાતે યોજાયેલ પાંચમી શોભાયાત્રા માં સૌ નગરજનો મોટી સંખ્યમાં ભક્તિભાવે જોડાયા હતા. ડ્રોન દ્વારા યાત્રા પર ગુલાબના ફૂલ દ્વારા પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. સૌ રામ ભકતોએ ગરમીને પણ દરકીનાર કરી મોટી સંખ્યા માં શોભાયાત્રામાં જોડાયા હતા. યાત્રામાં લાઈવ ડી. જે.ના તાલે ઝુમ્યા હતા.

નિખીલ જોષી : પાટણ જીલ્લા પત્રકાર

# પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં રામનવમી ના પર્વ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

આજરોજ તારીખ૧૭/૦૪/૨૦૨૪ ને બુધવાર ના રોજ પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં રામનવમી ના પર્વ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી રામનવમી ના પવિત્ર દિવસે જગ્યા માં રામયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું અને બપોરે ૧૨:૦૦ વાગ્યે રાઘવેન્દ્ર સરકાર ભગવાન શ્રી રામ અને ઠાકર શ્રી વિહળાનાથ ની ભવ્ય મહાઆરતી ઢોલ નગારા અને ફટાકડા ફોડી કરવામાં આવી હતી મહા આરતી માં જગ્યા ના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા,પૂજ્ય શ્રી ભયલુબાપુ,પૂજ્ય શ્રી ગાયત્રીબા,પૂજ્ય શ્રી દિયાબા અને બાળ ઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ સહિત ખુબ મોટી સંખ્યા માં ઠાકર ના સેવકો વિહળ પરિવાર અને ગામ ના સૌ નગરજનો ખુબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા રામનવમી ના પર્વ નિમિત્તે જગ્યા ની અત્યાધુનિક ગૌશાળા શ્રી બણકલ ગૌશાળા માં ગાયો ને ૨૦૦૦ કિલો તરબૂચ , ૨૫ મણ લાપશી અને કપાસીયા આપવામાં આવ્યા હતા અને જગ્યા માં સૌ કોઈએ રામનવમી ના ઉત્સવ ને ઉજવી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી

અહેવાલ કનુભાઈ ખાચર



વઘઈ ગ્રામ પંચાયત ધ્યાન આપે તો સારું રોડ ની બાજુમાં જ દબાણ થવા જઈ રહ્યું છે લોક મુખે ચર્ચા વઘઈ નગર મા થઈ રહી છે અનાજ ગોડાઉન ની બાજુમાં

વઘઈ મા લોકો દ્વારા જ્યાં ત્યાં દબાણ કરવા જઈ રહયા છે અને પંચાયત મા કોઈ ધ્યાન આપવા વાળું નથી એવું લોક મુખે ચર્ચા થઈ રહી છે અનાજ ગોડાઉન ના આગળ ના ભાગમાં કોઈક ઈસમ દ્વારા રેતી અને થોડું મટિરિયલ નાખવામાં આવ્યું છે છતાં કોઈ ત્યાં ના કર્મચારીઓને દેખાતું હશે કે નહીં એ પણ એક સવાલ ઉભો થઈ રહ્યો છે લોક મુખે તો એવી પણ ચર્ચા થઈ રહી છે કે રસ્તા પર દબાણ કરી ને અમો તો કોઈને ગાંઠસુ પણ નહીં હવે જોવાનું રહ્યું કે અહિયાં દબાણ થઈ ને રહશે કે પછી......?

# ભચાઉ મા યોજાયા અનોખા લગ્ન

ભચાઉ સ્થીત શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના સ્થાપક મંત્રી જીતેન્દ્ર ભાઇ જી જોષી ના દિકરા ચિ. વિશાલ ભાઇ જોષી અને તૃપ્તિ બેન ના લગ્ન પ્રસંગે અનોખી પહેલ કરવામા આવી કહેવાયુ છે કે જેની જે દિશા હોય તે ત્યા જાય જીવનભર ૨૦ વર્ષ ની ઉંમર થી આજે સતત ૩૨ વર્ષો થી જેનુ કાયઁ દિન જરૂરિયાતમંદ અને દિવ્યાંગજનો ની સેવા કરી રહ્યા છે તેવા વ્યક્તિ એ તેમના દિકરા ના લગ્ન મા પણ સેવા ભાવ પ્રગતકાયો લગ્ન રિસેપ્શન મા ભચાઉ શહેર ની ૫૧ જેટલી ગંગા



સ્વરૂપ બહેનો ને ભોજન કરાવી દરેક ને સાડી ભેટ આપવા મા આવી સાથે જરૂરિયાત મંદ દિવ્યાંગ ભાઇ ઓને વ્હીલચેર આપવામા આવી પોતાના અંગત સામાજિક પ્રસંગ મા જેનો ભાવ ગરીબ વ્યક્તિ પ્રત્યે નો રહ્યો છે અને સમાજ ના લોકો ને એક સુંદર સંદેશો આપ્યો કે આપ આપના સારા પ્રસંગે પણ જરૂરિયાત મંદ લોકો ને સાથે રાખી હૂંફ આપો તો આપણ ને જરૂરિયાતમંદ જનોના આશીર્વાદ પ્રાપ્ત થશે

## વેડહારમોટી મધ્યે સોઢા માલદે ભાયાતના વીર શહીદ સોઢા હમીરજી

# ઝુંઝાર દાદાના પાળિયા મંદિરનો દ્વિ -દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો




મહેશ એલ. સોની નખત્રાણા

વેડહાર મોટી મધ્યે સોઢા માલદે ભાયાતના વીર હમીરજી ઝુઝાર દાદા ના પાળિયાનું દ્વિ દિવસિય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સ યોજાયો બે દિવસીય કાર્યક્રમ માં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા જેમાં ગામની તમામ દિકરીબાઓ- નિયાણીઓનું પૂજન કરી સન્માનિત કરાઈ..વેડહાર તલવાર રાસ મંડળી દ્વારા સંતો મહંતો તેમજ આમંત્રિત મહેમાનોનું તલવાર દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું કોઈપણ ઝૂઝાર દાદાના પાળિયાનું મંદિર બનાવી પૂજા અર્ચના કરાતું હોય એવી આ કચ્છની પ્રથમ ઘટના બની છે જેમાં પહેલું મંદિર વેડહાર મદયે બનાવવામાં આવ્યું છે.ગામના યુવાનો દ્વારા માત્ર વીસ દિવસમાં મંદિર બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ એ પણ એક વિરલ ઘટના બની છે જે દાદાનો ચમત્કાર ઘણી શકાય. ગાયોના રક્ષણ માટે શહીદ થયેલા વીર સોઢા હમીરજી દાદાનો પાળિયો પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ઝરમરિયા મદયે આવેલ છે ત્યાં આજે પણ દાદાના પાળિયાને નમન કરવા ત્યાંના હિન્દૂ મુસ્લિમ સહિત લોકો જાય છે સોઢા ભાયાત દર વર્ષે વાર્ષિક મહોત્સવ ઉજવે છે પણ વીર શહીદ હમીરજી દાદાનો સમગ્ર માલદે પરિવાર ૧૯૭૧ ના યુદ્ધ સમયે ભારતમાં આવીને નખત્રાણા તાલુકાના વેડહાર મોટી મદયે આવીને વસવાટ કરેલ હોઈ અને દાદા શ્રી ઝૂઝાર હમીરજીના પાળિયાના મંદિર બનાવવાનો હુકમ થતા માત્ર વીસ દિવસમાં મોટું મંદિર બનાવી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો એમાં સમગ્ર કચ્છ તેમજ ગુજરાતમાં રહેતા માલદે સોઢા ભાયાતની તમામ દીકરીઓને જમાઈ ,ફુવા સાહેબઓને નિયાણીને ખાસ આમંત્રણ વેડહાર મોટી ક્ષત્રિય સમાજ દ્વારા આપવામાં આવ્યું હતું તે તમામને દાદા શ્રી મંદિરે સંતો મહંતો ને વડીલોના હસ્તે પૂજન અર્ચન કરી વિશિષ્ટ રીતે સન્માનિત કરાયા હતા કાર્યકમના પ્રથમ દિવસે યજ્ઞના આચાર્ય શ્રી શાસ્ત્રી જગદીશભાઈ જોષી દ્વારા દેહશુદ્ધિ ગણપતિપૂજન , વિશાળ જલયાત્રા ,નગરયાત્રા કુંડ પૂજન ,અગ્નિ સ્થાપના, ગ્રહપ્રવેશ દેવતા પૂજન, આરતી થાળ તેમજ રાત્રે સંતવાણી સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં મોટી સંખ્યા દાદા ના ભક્તો જોડાયા હતા બીજા દિવસે પ્રાંત પૂજન, મૂર્તિસ્થાપના , મૂર્તિ ભાવ પ્રતિષ્ઠા, ધજારોહણ બાદ

શ્રીફળ હોમવામાં આવ્યું હતું ત્યારબાદ યોજાયેલા સન્માન કાર્યક્રમમાં સર્વે દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા તો પધારેલ મહેમાનોને વિશિષ્ટ મોમેન્ટો દ્વારા સન્માનિત કરાયા હતા.. આ કાર્યક્રમ માં દાદા શ્રી શોભળસિંહપીર પીથોરા મંદિર( ભુજ) તેમજ દેવીશ્રી અંતરબા સચિય્યાધામ (નેત્રા) એ પોતાના પ્રવચનો માં દાદા ના પાકિસ્તાનના અને અહીં દિધેલા જીવતા પરચાઓ તેમજ ચમત્કારોનું વર્ણન કર્યું હતું તેમજ સૌને આર્શિવચન પાઠવ્યા હતા ..દાદા શ્રી નું મંદિર બનાવી અહીં મોટું સુરાપુરા ધામ તરીકે વિકસાવવા શ્રી વેડહાર મોટી ક્ષત્રિય સમાજ એ નેમ વ્યક્ત કરી હતી આવું મંદિર કોઈ પાળિયાનું મંદિર બન્યું હોય એવી આ વેડહાર મદયે પ્રથમ વિરલ ઘટના બની હોવાનું જાણકારોનું માનવું છે બે દિવસીય ચાલેલા આ કાર્યકમને સફળ બનાવવા વેડહાર ના વડીલો, યુવાનો, માતાઓ, બહેનોએ રાત દિવસ જોયા વિના જહેમત ઉઠાવી હતી . મંદિરના મુખ્ય દાતા સોઢા નરસી ભુરજી વેડહાર- મોરબી રહ્યા હતા તેમજ સમગ્ર માલદે સોઢા ભાયાતે ખુલ્લા હાથે દાનપુણ્ય કર્યું હતું.. દાદાશ્રીના ભક્તો પાકિસ્તાન રાજસ્થાન સમગ્ર કચ્છ ભર થી પાળિયામાં પ્રાણ પુરવાના સાક્ષી બન્યા હતા.. સમગ્ર સંચાલન લક્ષમણસિંહ સોઢાએ કરેલ હતું તેમજ આભાર વિધિ દિલીપસિંહ સોઢાએ કરી હતી.

# ડાંગ જિલ્લાની શાળાઓમાં વ્યવસાયલક્ષી કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને મેળવી રહ્યા છે આવક

આહવા:

ગુજરાત રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યવસાયલક્ષી શિક્ષણના કોર્સ ચાલી રહ્યા છે. જેમાં ડાંગ જિલ્લાની શાળાઓમાં પણ વિવિધ વ્યવસાયલક્ષી શિક્ષણના કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે.

આ કોર્સનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે કોઈ પણ વ્યવસાયલક્ષી કોર્સ શીખવી, અભ્યાસ બાદ જરૂર પડ્યે તેઓ પોતાની આજીવિકા મેળવી શકે તે છે. ડાંગ જિલ્લાની માધ્યમિક



શાળાઓમાં આવા વ્યવસાયલક્ષી કોર્સ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લાની કુલ ૧૯ શાળાઓમાં, વિદ્યાર્થીઓને ભણતરની સાથે આવક મેળવવા માટે કાબેલ બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

જે મુજબ એગ્રીકલ્ચર કોર્સમાં વિદ્યાર્થી અને ટ્રેનર દ્વારા શાળામાં જ મશરૂમ, સ્ટ્રોબેરી અને શાકભાજીની ખેતી નાના પાયે થઈ રહી છે. અહીં શાળા દ્વારા જ ખેતીનો ખર્ચ કરવામાં આવે છે, અને તેની આવક વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવે છે.આ જ પ્રકારે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને ઘર વપરાશની ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ રીપેર કરતાં શીખવાડવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓ પોતાના ઘરની અને અન્ય કોઈ પણ નજીકનાં વ્યક્તિઓની વસ્તુઓ રિપેર કરી આજીવિકા મેળવી રહ્યા છે. આ ઉપરાંત બ્યુટી પાર્લર, સીવણ અને ટુરિઝમ જેવા કોર્ષો પણ ચાલી રહ્યા છે. આ કોર્સ દ્વારા પણ વિદ્યાર્થીઓ આજીવિકા મેળવી રહ્યા છે. આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ રેસિયોમા ઘટાડો પણ નોંધાઈ રહ્યો છે, અને આ પ્રયોગ તમામ રીતે સફળ થઈ રહ્યો છે.

## ડાંગ જિલ્લા સુબીર તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે

# ૨૦૨૦ - ૨૦૨૧ મા રીસરફેસિંગ ઓફ શિવબારા પાંઢરપાડા રોડ રૂપિયા ૫૬,૯૯,૫૦૦=૦૦ કામ મા ભ્રષ્ટાચાર

ડાંગ જિલ્લા સુબીર તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ૨૦૨૦ - ૨૦૨૧ મા રીસરફેસિંગ ઓફ શિવબારા પાંઢરપાડા રોડ રૂપિયા ૫૬,૯૯,૫૦૦=૦૦ કામ મા ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે જે રોડના કામગિરી પરથી દેખાય આવે છે અધિકારી શ્રી ને જોવામાં નથી આવ્યું......?

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે શિવબારા પાંઢરપાડા રોડ નું નિર્માણ કરવામાં આવ્યું હતું તેમાં સીધો ભ્રષ્ટાચાર દેખાય રહ્યો છે પરંતુ ડાંગના કોઈ અધિકારી શ્રી ને નજરે પડ્યો નથી આ તો ખોટું કહેવાય ખરું ને લોકો મા ચર્ચા નો વિષય થઈ રહ્યો છે ત્યાં બોર્ડ મારવામાં આવ્યો છે તેમાં ઘણું બધું લખવામાં આવ્યું છે છતાં તેના પ્રમાણમાં કામ કરવામાં આવ્યું નથી તો સુ ડાંગ નાં અધિકારી ના આંખે ના દેખાયું હોય ત્યાં ચોખ્ખું લખવામાં આવ્યું છે કે ગટર બનાવવામાં આવી છે પરંતુ ત્યાં કો પ્રકારની ગટર જોવા નથી મળતી તો વાહ રે ડાંગ ના અધિકારી શ્રી સબ ઓથોરિટી નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પંચાયત (મા ટ મ ) પેટા વિભાગ આહવા ના જેતે વખતના અધિકારી મિત્ર ને જોવામાં આવ્યું નથી તો આમાં જો આ અધિકારી મિત્ર ની તપાસ કરવામાં આવે તો ચોક્કસ જ આવક કરતા સંપત્તિ વધારે આવશે જેમાં કોઈ શંકા ને સ્થાન નથી

આ રોડ જ્યારે બનાવવામાં આવ્યો ત્યારથી લઈ ને પૂર્ણ થયો ત્યાર સુધીમાં જેટલા પણ અધિકારી મિત્ર ત્યાં વિઝીટ લેવા ગયા હશે તેઓને ત્યાં તાપસ કરવામાં આવે તો બધાની પાસે જ આવક કરતા સંપત્તિ વધારે હશે જેવા કોઇ શંકા ઉપજે એવું નથી હવે જોવાનું રહ્યું કે અડધા કામ કરવામાં આવ્યું નથી તો બિલો કઈ રીતે પાસ કરવામાં આવ્યા બધા પોત પોતાના સંપત્તિ મા વધારો કરવાનું જ વિચારી રહયા હોય છે લોક ચર્ચા થઈ રહી છે

ડાંગ ના લોકો મા એક ભૂલ છે કે તેઓ બોલતા નથી ખાલી અંદર અંદર ગણગણાટ કરે છે જેથી ડાંગમાં આવનાર અધિકારી થેલી લઈ ને આવે છે અને ખટારો ભરી ને જાય છે ક્યાં તો અહીંયા જ રહી જાય છે

આ રોડ ઓથોરિટી કાર્યપાલક ઇજનેર શ્રી પંચાયત ( મા ટ મ ) વિભાગ જી ડાંગઅને સબ ઓથોરિટી નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પંચાયત ( મા ટ મ ) પેટા વિભાગ આહવા ના બને અધિકારી મિત્રો વિરુદ્ધ આવક કરતા સંપત્તિ વધારે છે એની તપાસ થવી જોઈએ વધારે જ નીકળશે તેમાં કોઈ શંકા નથી લોક ચર્ચા નો વિષય

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.